વડોદરા મહાનગરપાલિકા
આરોગ્ય વિભાગ
www.vmc.gov.in

આરોગ્ય વિભાગના વાહકજન્ય તથા પાણીજન્ય રોગ નિયંત્રણલક્ષી ક્ષેત્રીય કામગીરી માટે ૧૧ માસના કરાર આધારીત નિંમણુંક આપવામાં જરૂરી જગ્યાઓ ભરવા માટેની વિગતો.

પત્રક - અ

| અ.નં | જગ્યાનું નામ | જરૂરી વિગતો |
|---|---|---|
| ૧ | પબ્લિક હેલ્થ વર્કર | જગ્યાની સંખ્યાઃ ૧૮૦<br>લાયકાતઃ (૧)ધોરણઃ૧૨ પાસ તથા સરકાર માન્ય સેનેટરી ઇન્સપેક્ટરનો કોર્સ પાસ અથવા સરકાર માન્ય મલ્ટી પરપઝ હેલ્થ વર્કરનો કોર્સ પાસ<br>(૨) સરકાર માન્ય કોમ્પ્યુટર બેઝીક કોર્સ પાસ<br>(૩) આરોગ્યલક્ષી કામગીરીના અનુભવ ધરાવતાં ઉમેદવારને પ્રાધાન્ય માસિક<br>મહેનતાણુઃ માસિક રૂા.૧૦,૦૦૦/- (ઉચ્ચક)<br>ઉંમરઃ જાહેરાતની તારીખે ૩૦ વર્ષથી વધુ નહી આરોગ્ય વિષયક કામગીરીના અનુભવના વર્ષ મુજબ ઉંમરમાં બાધ મળવાપાત્ર રહેશે.)<br>નિંમણુંકની મુદ્દતઃ જગ્યાઓ માટે પસંદ થયેલ ઉમેદવારોને ૧૧ માસના કરાર આધારીત નિંમણુંક આપવામાં આવશે. ૧૧ માસની મુદત પુરી થયેથી નિમણુંકની મુદ્દત પૂરી થયેલી ગણાશે અને તેઓશ્રીને ફરજમાંથી મુક્ત થયેલા તેમ ગણાશે અને સેવા સમાપ્ત કરવામાં આવશે. |
| ૨ | ફિલ્ડ વર્કર(પુરૂષ) | જગ્યાની સંખ્યાઃ ૩૮૪<br>લાયકાતઃ (૧) ઓછામાં ઓછું ધોરણઃ ૮ પાસ<br>(૨) સાયકલ ચલાવતાં આવડવું જોઇએ.<br>(૩) આરોગ્યલક્ષી કામગીરીના અનુભવ ધરાવતાં ઉમેદવારને પ્રાધાન્ય<br>માસિક મહેનતાણુઃ માસિક રૂા.૭,૧૦૦/- (ઉચ્ચક)<br>ઉંમરઃ જાહેરાતની તારીખે ૩૦ વર્ષથી વધુ નહી.( આરોગ્ય વિષયક કામગીરીના અનુભવના વર્ષ મુજબ ઉંમરમાં બાધ મળવાપાત્ર રહેશે.)<br>નિંમણુંકની મુદ્દતઃ જગ્યાઓ માટે પસંદ થયેલ ઉમેદવારોને ૧૧ માસના કરાર આધારીત નિંમણુંક આપવામાં આવશે. ૧૧ માસની મુદત પુરી થયેથી નિમણુંકની મુદ્દત પૂરી થયેલી ગણાશે અને તેઓશ્રીને ફરજમાંથી મુક્ત થયેલા તેમ ગણાશે અને સેવા સમાપ્ત કરવામાં આવશે. |

13.4.16

ડે.મ્યુનિ. કમિશનર (વ)
વડોદરા મહાનગરપાલિકા

વડોદરા મહાનગરપાલિકા
આરોગ્ય વિભાગ
www.vmc.gov.in

## ૧૧ માસના કરાર આધારિત ભરતી અંગેની જાહેરાત

## (પી.આર.ઓ. જાહેરાત ક્રમાંકઃ ४३ /૨૦૧૬-૧૭)

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | કેટેગરી (રોસ્ટર પોઇન્ટ) | ખાલી જગ્યા પૈકી શારીરીક ખોડખાંપણવાળા ઉમેદવારો માટે |
|---|---|---|---|---|
| ૧ | પબ્લિક હેલ્થ વર્કર | ૧૮૦ | અ.જા. -૧૨<br>અ.જ.જા. - ૨૭<br>સા.શૈ.પ.વ. -૪૮<br>બિન અનામત - ૯૩ | ૫ |
| ૨ | ફિલ્ડ વર્કર(પુરૂષ) | ૩૮૪ | અ.જા. - ૨૬<br>અ.જ.જા. - ૫૭<br>સા.શૈ.પ.વ. - ૧૦૩<br>બિન અનામત - ૧૯૮ | ૧૧ |

જગ્યાનું નામઃ પબ્લિક હેલ્થ વર્કર

(૧) શૈક્ષણિક લાયકાત તથા અનુભવઃ
(૧) ધોરણઃ૧૨ પાસ તથા સરકાર માન્ય સેનેટરી ઇન્સપેક્ટરનો કોર્સ પાસ અથવા સરકાર માન્ય મલ્ટી પરપઝ હેલ્થ વર્કરનો કોર્સ પાસ
(૨) સરકાર માન્ય કોમ્પ્યુટર બેઝીક કોર્સ પાસ
(૩) આરોગ્યલક્ષી કામગીરીના અનુભવ ધરાવતાં ઉમેદવારને પ્રાધાન્ય

(૨) માસિક મહેનતાણુઃ માસિક રૂા.૧૦,૦૦૦/- (ઉચ્ચક)

(૩) ઉંમરઃ જાહેરાતની તારીખે ૩૦ વર્ષથી વધુ નહી.(આરોગ્ય વિષયક કામગીરીના અનુભવના વર્ષ મુજબ ઉંમરમાં બાધ મળવાપાત્ર રહેશે.)

(૪) નિંમણુંકની મુદ્દતઃ સદર જગ્યા માટે પસંદ થયેલ ઉમેદવારોને ૧૧ માસના કરાર આધારીત નિંમણુંક આપવામાં આવશે. ૧૧ માસની મુદત પુરી થયેથી નિમણુંકની મુદત પૂરી થયેલી ગણાશે અને તેઓશ્રીને ફરજમાંથી મુક્ત થયેલા તેમ ગણાશે અને સેવા સમાપ્ત કરવામાં આવશે.

જગ્યાનું નામઃ ફિલ્ડ વર્કર(પુરૂષ)

(૧) શૈક્ષણિક લાયકાત તથા અનુભવઃ
(૧) ઓછામાં ઓછું ધોરણઃ ૮ પાસ
(૨) સાયકલ ચલાવતાં આવડવું જોઇએ.
(૩) આરોગ્યલક્ષી કામગીરીના અનુભવ ધરાવતાં ઉમેદવારને પ્રાધાન્ય

(૨) માસિક મહેનતાણુઃ માસિક રૂા.૭,૧૦૦/- (ઉચ્ચક)

(૩) ઉંમરઃ જાહેરાતની તારીખે ૩૦ વર્ષથી વધુ નહી.(આરોગ્ય વિષયક કામગીરીના અનુભવના વર્ષ મુજબ ઉંમરમાં બાધ મળવાપાત્ર રહેશે.)

(૪) નિંમણુંકની મુદ્દતઃ જગ્યાઓ માટે પસંદ થયેલ ઉમેદવારોને ૧૧ માસના કરાર આધારીત નિંમણુંક આપવામાં આવશે. ૧૧ માસની મુદત પુરી થયેથી નિમણુંકની મુદત પૂરી થયેલી ગણાશે અને તેઓશ્રીને ફરજમાંથી મુક્ત થયેલા તેમ ગણાશે અને સેવા સમાપ્ત કરવામાં આવશે.

13-4-16
ડે.મ્યુનિસિપલ કમિશનર(વ)
વડોદરા મહાનગર પાલિકા

વડોદરા મહાનગરપાલિકા
આરોગ્ય વિભાગ
www.vmc.gov.in

## આરોગ્ય વિભાગના વાહકજન્ય તથા પાણીજન્ય રોગ નિયંત્રણલક્ષી ક્ષેત્રીય કામગીરી માટે ૧૧ માસના કરાર આધારીત નિંમણુંક આપવામાં જરૂરી જગ્યાઓ ભરવા માટેની વિગતો.

### જાહેરાતની સામાન્ય શરતો

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા.૧૮/૪/૨૦૧૬(00-01 કલાક) થી તા.૨૯/૪/૨૦૧૬(૨૩-૫૯ કલાક) દરમ્યાન www.vmc.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ www.vmc.gov.in ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. શૈક્ષણિક માહીતી: દરેક પોસ્ટ માટેની શૈક્ષણિક માહીતી જો સામેલ education qualification details માં ના હોય તો OTHER1 અને કોમ્પુટર કોર્ષ ની માહીતી OTHER2 માં ભરવી.
4. અનામત: ગુજરાત સરકારશ્રી દ્વારા માન્ય કરેલ હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે આ અંગે ગુજરાત રાજયના સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇશ્યુ કરાયેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
5. વયમર્યાદા: જાહેરાતની તારીખે ૩૦ વર્ષથી વધુ નહી.(આરોગ્ય વિષયક કામગીરીના અનુભવના વર્ષ મુજબ ઉંમરમાં બાધ મળવાપાત્ર રહેશે.)
6. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૯-૦૨-૧૯૯૬ ના ઠરાવ થી નિયત થયેલ પરિશિષ્ટ-ક ના નમુનામાં નાણાકીય વર્ષ-૨૦૧૪-૧૫ નું તા.૧/૪/૨૦૧૫ પછીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
7. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.
8. ઉમેદવારે અરજીમાં દર્શાવેલ કેટેગરીમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
9. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ C C C લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ.
10. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.
11. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.
12. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગરપાલિકા ના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.
13. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવા પાત્ર થશે નહીં.
14. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક્ક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,વડોદરા ને રહેશે.
15. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

13.4.16

ડે.મ્યુનિસિપલ કમિશ્નર(વ)
વડોદરા મહાનગર પાલિકા

# વડોદરા મહાનગર સેવા સદન
# આરોગ્ય વિભાગ

## પબ્લિક હેલ્થ વર્કર ની ફરજો

- પબ્લિક હેલ્થ વર્કર (પી.એચ.ડબલ્યુ.)એ દર ૧૦૦૦૦ ની વસ્તીનો કાર્યભાર સંભાળવાનો રહેશે. જેમા સ્લમ, સેમી સ્લમ અને સોસાયટી વિસ્તાર મા થતા તમામ પ્રકાર ના રોગચાળા ને લગતી કામગીરી મુખ્ય રૂપે કરવાની રહેશે.
- દરેક પબ્લિક હેલ્થ વર્કર (પી.એચ.ડબલ્યુ.) તેઓને ફાળવેલ વિસ્તારના ઇન્ચાર્જ તરીકે ફરજો બજાવવાની રહેશે તેમજ સવારે નિયત સમયે ફરજ પર હાજર થઇ તાબા હેઠળના તમામ કર્મચારીઓની હાજરી અને કામગીરીની વ્હેંચણી કરી નિયત સમયે પોતાના ક્ષેત્રિય વિસ્તારમાં જઇ કામગીરી કરવી અને કરાવવી.
- દૈનીક/અઠવાડિક/પખવાડિક અને માસિક કામગીરીનું આયોજન અને અમલીકરણ કરવું. ફીલ્ડકક્ષાના દરેક કાર્યો એ.એન.એમ./ફી.હે.વ./આશા/સુપરવાઇઝર સાથે સંકલનમા રહીને કરવાનુ રહેશે.
- દૈનીક દવાઓના વપરાશ/ સિલક/ ખતવણી/ દૈનીક રીપોર્ટ બનાવવા તથા વાહક/પાણી જન્ય રોગોની પરિસ્થિતી બાબતે સંબંધિત ઉપરી અધિકારીઓને લેખિત દૈનીક રિપોર્ટ દ્વારા જાણ કરવી.
- આસામી કર્મચારીને ક્ષેત્રીય કામગીરી એવી રીતે વહેંચવી કે જેથી જે તે વિસ્તારની કામગીરીની જવાબદારી નકકી થઇ શકે અને તેઓની ઉપર સતત સુપરવિઝન અને મોનીટરીંગ કરી શકાય.
- આસામી કર્મચારીઓને સોંપેલ સાધન-સામગ્રીની સાચવણી તથા નિભાવણીની જવાબદારી તેમની પોતાની રહેશે તેમજ દિવસ દરમ્યાન કરેલ કામગીરી બાદ સાધન-સામગ્રી જોંઇ તપાસી પરત લેવાના રહેશે જેથી બીજા દિવસની કામગીરીમાં સરળતા રહે.
- સરકારી/ખાનગી દવાખાના/લેબોરેટરી દ્વારા શંકાસ્પદ/કંફર્મ થયેલા કેશોની રોજીંદી મુલાકાત દરમ્યાન સર્વે અને રોગ અટકાયતી કામગીરી કરવાની રહેશે.

## વાહકજન્ય રોગ કામગીરી

- પોતાના નિયત કરેલ વિસ્તારમાં મચ્છર ઉત્પતિ રોકવા માટે જરૂરી સોર્સ રિડકશનની કામગીરી કરાવવી.રોજીંદા ઓછામા ઓછા ૫૦ ઘરોનો સર્વે હાથ ધરવાનો રહેશે. વિસ્તારની અન્ય હોસ્પીટલ દ્વારા રીપોર્ટ થયેલ કેશોના ઘર/વિસ્તાર ની મુલાકાત લઇ ગાઇડલાઇન પ્રમાણે રોગ અટકાયતી કામગીરી કરવાની રહેશે.
- પોતાના વિસ્તારમાં પોરાભક્ષક માછલી ઉછેર કેન્દ્રો બનાવવા,તેની દેખરેખ રાખવી અને જરૂરીયાત જણાય તેવા મચ્છર ઉત્પતિ સ્થાનોમાં માછલી છોડાવી બાયોલોજીકલ કંટ્રોલની કામગીરી કરાવવી.
- પુખ્ત મચ્છરોના નિયંત્રણ માટે ગાઇડલાઇન મુજબ ફોગીંગ કામગીરીનું આયોજન કરી ફોગીંગ કામગીરી કરાવવી.
- પોતાના ક્ષેત્રિય વિસ્તારમાં મચ્છર નિયંત્રણ માટે એન્ટીલાર્વલ-એન્ટીએડલ્ટ અને વાહકજન્ય રોગ નિયંત્રણ તથા આરોગ્ય શિક્ષણ અંગેની વખતોવખત ઊભી થતી જરૂરિયાત મુજબ જરૂરી કામગીરી કરવી.
- પોતે કરેલ કામગીરી અંગેના ઇન્ડાઇસીસ મોનીટરીંગ કરી રીપોર્ટ બનાવવા અને સંબંધિત રિપોર્ટ પ્રથમ સંબધિત સુપરવાઇઝર અને અર્બન હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસરશ્રીને તથા ઉપરી અધિકારીઓને લેખિત જાણ કરવી.
- જરૂરીયાત મુજબ દવા /સાધન-સામગ્રી /સ્ટેશનરી વિગેરેની એડવાન્સ મેળવવાની કાર્યવાહી કરવી તથા એક અઠવાડીયાનો બફર સ્ટોક રાખવો.

ચાલુ પાન... (૨) ઉપર

- ક્ષેત્રિય કામગીરી દરમ્યાન મેલેરીયા સર્વેલન્સ કામગીરી તથા તાવના દર્દીઓને પ્રાથમિક સારવાર વિગેરે કરવાની રહેશે. તાવના કેસોના લોહીના નમૂના મેળવી તૂર્ત લેબોરેટરી પરીક્ષણ થાય અને પોઝીટીવ દર્દીઓને સમયસર પૂરી આર.ટી. આપવી તથા ફોલોઅપ કરી રોગચાળા નિયંત્રણ બાબતના જરૂરી તમામ પગલાં ભરીને ઉપરી અધિકારીઓને લેખિત રીપોર્ટ કરવો.
- દૈનિક કામગીરી માટે પોતાને સોપેલ વિસ્તારમાં કાયમી અને હંગામી ઇન્ટ્રા તથા પેરાડોમેસ્ટીક મચ્છર ઉત્પતિ સ્થાનોની યાદી તેમજ સર્વે મુજબનો નકશો બનાવી તથા સોમવાર થી શનિવાર સુધીના મચ્છરના ઉત્પતિ સ્થાનોની નોંધપોથીમાં નોંધ રાખવી. અને તે મુજબ આયોજન કરી અઠવાડિક ધોરણે પોરાનાશક કામગીરી કરવી અને કરાવવી. જરૂર જણાયે વિસ્તારના જવાબદારોને અ.મે.ઓફીસર દ્વારા નોટીશ(સૂચના) આપવી.
- તમામ કર્મચારીને ફાળવેલ જંતુનાશક દવા નિયત કરવામાં આવેલ દવાના ડોઝ પ્રમાણે જરૂરીયાત મુજબ જરૂરી દ્રાવણ તૈયાર કરી જે તે કર્મચારીને આપી જરૂરી સાધન-સામગ્રીની રોજનીશીમાં નોંધ કરવી તેમજ તેનો હિસાબ દરરોજ ઉપરી અધિકારીને આપવો.

## પાણીજન્ય રોગ કામગીરી

- પોતાના ક્ષેત્રિય વિસ્તારમાં પાણી જન્ય રોગોની પરિસ્થિતી બાબતે સંબંધિત ઉપરી અધિકારીઓને લેખિત દૈનીક રિપોર્ટ દ્વારા જાણ કરવી
- ઉપરી અધિકારીશ્રીની પૂર્વ મંજૂરી કે લેખિત જાણ કર્યા સિવાય કોઇપણ પ્રકારની રજા ભોગવવી નહી.
- ઉપર જણાવેલ કામગીરી ઉપરાંત ઉપરી અધિકારીશ્રી સોંપે તે કામગીરી કરવી.
- પાણી જન્ય રોગચાળા માટે આપના વિસ્તારમાં રોજીંદુ સર્વે " દૈનિક રજીસ્ટર-સિન્ડ્રોમિક સર્વેલન્સ" માં કરી સુપરવાઇજર અને મેડીકલ ઓફિસરને રીપોર્ટ કરવું.
- પાણી જન્ય રોગચાળો અટકાયતી પગલા અંતર્ગત વિસ્તારમાં પીવાના પાણીની ક્લોરીનની માત્રા **(R.C.Test)** દરરોજ ચકાસણી અને રીપોર્ટ કરવો.
- પાણીનું ક્લોરીનેશન વારંવાર નેગેટીવ જોવા મળે તો **UHC** ના મેડીકલ ઓફિસરને સત્વરે જાણ કરી પાણીને પીવાલાયક થાય એ અર્થે વોટર વર્કસ સાથે સંકલનમાં રહેવું.
- પાણીની પાઈપલાઈનમાં લીકેજજોવા મળેતો તાત્કાલિક મેડીકલ ઓફિસરને જણાવવું અને વિસ્તારમાં પાણીજન્ય રોગ અંગેની તપાસ હાથ ધરવી .
- પાણીજન્ય રોગચાળો જોવા મળે ત્યારે /કેશોમાં અનિશ્ચિત વધારો થાય તેવા સંજોગોમાં લોકોમાં **IFC** દ્વારા જાગૃતિ લાવવી, ક્લોરીનની ગોળીઓનું વિતરણ ,એઆરએસ પેકેટ /જરૂરી દવાઓ આપવી.
- આશા વર્કર **FHW ,ANM/MPHW** વગેરે દ્વારા થતા સર્વેનું મોનીટરીંગ કરવું.

ઉપર જણાવેલ કામગીરી ઉપરાંત ઉપરી અધીકારીશ્રી દ્વારા સોંપવામા આવે તે કામગીરી કરવાની રહેશે. મે.ઓ./ઉપરી અધીકારીશ્રી ની પુર્વ મંજુરી કે લેખીત જાણ કર્યા સિવાય કોઇપણપ્રકાર્ની રજા ભોગવવી નહી.

13.4.16

ડે.મ્યુ.કમીશનર (વ)
વડોદરા મહાનગર પાલિકા

## વડોદરા મહાનગર સેવા સદન
## આરોગ્ય વિભાગ - ફાઇલેરીયા શાખા

### ફિલ્ડ વર્કર (પુરૂષ) ની ફરજો

- સવારે નિયત સમયે ફરજ પર હાજર થવું.
- આસામી કર્મચારીઓએ એસ.એફ.ડબલ્યુ.ને દૈનીક પ્રોગ્રામ મુજબ પોતાની કામગીરી માટે જરૂરી જંતુનાશક દવાનો જથ્થો અને સાધન-સામગ્રી અને ક્ષેત્રીય ફરજનો વિસ્તાર મેળવી નિયત સમયે પોતાના ક્ષેત્રિય વિસ્તારમાં જઇ સોંપેલ કામગીરી કરવી
- પોતાના જરૂરી સાધન-સામગ્રી લેતાં પહેલાં તે બરાબર કામ કરે છે કે કેમ ? તે જોઇ તપાસી લઇને નિયત સમયે કામગીરી ચાલુ કરી સુચના મુજબ કામગીરી પૂર્ણ કરી વિસ્તારના નાગરીકોની સહીઓ મેળવવી તથા નાગરિકોનો સંપર્ક કરી કામગીરી કરવી.
- સોંપેલ વિસ્તારના તમામ મચ્છર ઉત્પતિ સ્થાનોમાં લાર્વીસાઇડનો પુરતો અને વ્યવસ્થિત ઉપયોગ તથા છંટકાવની કામગીરી કરવી. તમામ સાધન-સામગ્રીની જાળવણી/સાફ-સફાઇ કરી સુપરવાઇઝરશ્રી પાસે જમા કરાવવી તથા કરેલ કામગીરીનો રીપોર્ટ આપવો તથા વણવપરાયેલ જંતુનાશક દવા પરત જમા કરાવવી.
- સોંપેલ વિસ્તારમાં કોઇપણ મચ્છરનું ઉત્પતિ સ્થાન પોરાનાશક કામગીરી વગર બાકી કે અધુરૂં ન રહે તેની સંપુર્ણ જવાબદારી જે તે કર્મચારીની પોતાની રહેશે
- પુખ્ત મચ્છરોના નિયંત્રણ માટે જરૂરીયાત મુજબ ફોગીંગ કામગીરી પ્રોગ્રામ મુજબ તેમજ ઉપરી અધિકારીશ્રીના સુચનો/માર્ગદર્શન મુજબ કરવાની રહેશે.
- પોતાના નિયત કરેલ વિસ્તારમાં મચ્છર ઉત્પતિ રોકવા માટે જરૂરી સોર્સ રિડક્શનની કામગીરી કરવી.
- નીક/નાળા/નદી/કાંસ/તળાવ/વરસાદી ગટર વગેરેમાં એન્ટીલાર્વલ કામગીરી માટે જરૂરી કિનારાના ભાગોમાં ધારી સફાઇ તેમજ વનસ્પતિ, લીલ, વેલા, કુકો, કચરો વગેરેની સફાઇ કરી તેમાં મચ્છરના પોરાઓની અવસ્થાઓને વધવા દેવી નહીં અને જરૂરીયાત મુજબ પોરાનાશક કામગીરી કરવી.
- બાયોલોજીકલ કંટ્રોલ માટેની કામગીરી માટે પોરાભક્ષક માછલી ઉછેર કેન્દ્ર/તળાવ વિગેરે માંથી પોરાભક્ષક માછલીઓ પકડી મચ્છર ઉત્પતિ સ્થાનોમાં જરૂરીયાત અને સુચના મુજબ છોડવી.
- આરોગ્ય શિક્ષણ લગત ઉપરી અધિકારીશ્રીની સુચના મુજબ કામગીરી કરવી.
- મચ્છર નિયંત્રણ/એન્ટીલાર્વલ કામગીરી/મેલેરીયા નિયંત્રણ તેમજ સ્ટોર્સની કામગીરી માટે સુપરવાઇઝરશ્રીની તેમજ ઉપરી અધિકારીશ્રીની સુચના મુજબ કામગીરી કરવી.
- સુપરવાઇઝરશ્રી પાસેથી દૈનીક/અઠવાડિક/પખવાડિક કામગીરીના વિસ્તારની કોપી મેળવી સાથે રાખવી અને તે મુજબ જ કામગીરી કરવી.
- ઉપરી અધિકારીશ્રીની પૂર્વ મંજૂરી કે લેખિત જાણ કર્યા સિવાય કોઇપણ પ્રકારની રજા ભોગવવી નહી.
- ઉપર જણાવેલ કામગીરી ઉપરાંત સુપરવાઇઝરશ્રી કે ઉપરી અધિકારીશ્રી સોંપે તે કામગીરી કરવી.

15.4.16

ડે.મ્યુ.કમીશનર (વ)
વડોદરા મહાનગર પાલિકા

# વડોદરા મહાનગરપાલિકા,આરોગ્ય વિભાગ

## પબ્લિક હેલ્થ વર્કરની ગુણાંકન પધ્ધતિ

| અ.નં. | વિગત | ટકાવારી | ૧૨ પાસ [સા. પ્ર.] ગુણ | ૧૨ પાસ [વિ.પ્ર.] ગુણ | સ્નાતક ગુણ | વિજ્ઞાન સ્નાતક ગુણ | મહત્તમ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શૈક્ષણીક લાયકાત આધારે ગુણાંકન | ૬0% થી ઓછા | ૫ | ૧0 | ૫ | ૧0 | લઘુત્તમ-૫ મહત્તમ - ૬0 |
| | | ૬0.0૧% થી ૬૨.00% | ૭ | ૧૨ | ૭ | ૧૨ | |
| | | ૬૨.0૧% થી ૬૪.00% | ૯ | ૧૪ | ૯ | ૧૪ | |
| | | ૬૪.0૧% થી ૬૬.00% | ૧૧ | ૧૬ | ૧૧ | ૧૬ | |
| | | ૬૬ .0૧% થી ૬૮.00% | ૧૩ | ૧૮ | ૧૩ | ૧૮ | |
| | | ૬૮.0૧% થી ૭0.00% | ૧૫ | ૨0 | ૧૫ | ૨0 | |
| | | ૭0 .0૧% થી ૭૨.00% | ૧૭ | ૨૨ | ૧૭ | ૨૨ | |
| | | ૭૨.0૧% થી ૭૪.00 % | ૧૯ | ૨૪ | ૧૯ | ૨૪ | |
| | | ૭૪.0૧% થી ૭૬.00% | ૨૧ | ૨૬ | ૨૧ | ૨૬ | |
| | | ૭૬.0૧% થી ૭૮.00% | ૨૩ | ૨૮ | ૨૩ | ૨૮ | |
| | | ૭૮ .0૧% થી વધારે માટે | ૨૫ | 30 | ૨૫ | 30 | |
| ૨ | સરકારમાન્ય સેનેટરી ઇન્સપેક્ટર / મ.પ.હે.વ નો કોર્ષ પાસ કરેલ | **** | ૧0 | | | | મહત્તમ - ૧0 |
| 3 | કોમ્પુટર કોર્ષના મળવાપાત્ર ગુણાંકન | સર્ટીફીકેટ કોર્સ | ૧0 | | | | મહત્તમ - ૧0 |
| | | ડિપ્લોમા કોર્સ | | | | | |
| | | ડીગ્રી કોર્સ | | | | | |
| ૪ | આરોગ્ય વિભાગ ની ક્ષેત્રિય કામગીરીના અનુભવનાં વર્ષ આધારે મળવાપાત્ર ગુણાંકન | ૧ થી ૨ વર્ષ | | | ૪ | | મહત્તમ - ૨0 |
| | | 3 થી ૪ વર્ષ | | | ૮ | | |
| | | ૫ થી ૬ વર્ષ | | | ૧૨ | | |
| | | ૭ થી ૮ વર્ષ | | | ૧૬ | | |
| | | ૯ કે ૯ વર્ષથી વધુ | | | ૨0 | | |
| | | | | | | કુલ ગુણ | ૧00 ગુણ |

13.4.16

ડે.મ્યુનિ.કમિશનર (વ)

# વડોદરા મહાનગરપાલિકા,આરોગ્ય વિભાગ

## ફિલ્ડ વર્કર (પુરુષ) ની ગુણાંકન પધ્ધતિ

| અ.નં. | વિગત | ધોરણ | ગુણ | મહત્તમ ગુણ |
|---|---|---|---|---|
| ૧ | શૈક્ષણીક લાયકાત આધારે ગુણાંકન | ૮ પાસ | ૫ | મહત્તમ - ૫૦ |
| | | ૯ પાસ | ૧૦ | |
| | | ૧૦ પાસ | ૨૦ | |
| | | ૧૧ પાસ | ૩૦ | |
| | | ૧૨ પાસ | ૪૦ | |
| | | સ્નાતક | ૫૦ | |
| ૨ | આરોગ્ય વિભાગ ની ક્ષેત્રિય કામગીરીના અનુભવનાં વર્ષ આધારે મળવાપાત્ર ગુણાંકન | ૧ થી ૨ વર્ષ | ૧૦ | મહત્તમ - ૫૦ |
| | | ૩ થી ૪ વર્ષ | ૨૦ | |
| | | ૫ થી ૬ વર્ષ | ૩૦ | |
| | | ૭ થી ૮ વર્ષ | ૪૦ | |
| | | ૯ થી વધુ | ૫૦ | |
| | કુલ ગુણ | | | ૧૦૦ ગુણ |

નોંધ : પસંદગી પામેલ ઉમેદવારો એ ફરજીયાત પોતાની સાઇકલ લઇ ફરજ બજાવાની રહેશે

ડે.મ્યુનિ.કમિશનર (વ)